# ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી સાથે વરસાદ

## જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષા : લેહમાં માઈનસ ૧૫.૬ અને પહેલગામમાં માઈનસ ૧૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ

નવી દિલ્હી,તા. ૧૧

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. તીવ્ર ઠંડીના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ધૂમ્મસની ચાદર પણ છવાયેલી છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે પંજાબ અને હરિયાણાના મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન હજુ પણ સામાન્ય કરતા ઓછુ રહ્યુ છે. બીજી બાજુ રાજસ્થાનમાં પણ લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. સિઝનના આ સમયમાં વરસાદ રવિ પાકને ફાયદો કરી જાય તેવી શકયતા દેખાઈ રહી છે. અમૃતસર, કર્નાલ, રોહતસ અને લુધિયાનામાં વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ભિવાની, ચંદીગઢ અને પટિયાલામાં વરસાદ થયો છે. પંજાબ અને હરિયાણાના મેદાની ભાગોમાં અમૃતસરમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે જે સામાન્ય કરતા ખૂબ વધારે ઠંડી છે. કર્નાલમાં આઠ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. પટિયાલામાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. ચંદીગઢ, રોહતક, ભિવાની, નારનોલમાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. હવામાન વિભાગે હજુ પણ વધારે વરસાદ થવાની આગાહી કરી છે. શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ ફરી એકવાર બંધ રાખવામાં આવ્યો હતો. ઘણી જગ્યાઓએ હિમ વર્ષા થઈ હતી જેથી મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા હતા. હિમ વર્ષાના કારણે જવાહર ટનેલ નજીક વાહનો અટવાઈ પડ્યા છે. ખીણના મોટા ભાગના વિસ્તારોમાં રાત્રી ગાળા દરમિયાન હિમ વર્ષા થઈ હતી.

શ્રીનગરમાં માઈનસ ૦.૩ ડિગ્રી તાપમાન નોધાયુ હતુ જે અગાઉની રાત્રે માઈનસ ૦.૭ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. દક્ષિણ કાશ્મીરમાં એક માત્ર પહેલગામ





રિસોર્ટમાં પારો માઈનસ ૧૪.૩ ડિગ્રી નીચે પહોંચી ગયો હતો. અહીં ભારે હિમ વર્ષા થઈ છે. બીજી બાજુ પ્રવાસી રિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૧૧.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન થયુ છે. અગાઉની રાત્રે અહીં માઈનસ ૧૦.૮ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. ઉત્તરકાશ્મીરમાં કુપવારામાં પારો માઈનસ ૪.૫ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયો હતો. દક્ષિણ કાશ્મીરના કોકરનાગમાં રાત્રી તાપમાન માઈનસ ૪ ડિગ્રી થયુ હતુ બીજી બાજુ જમ્મુ કાશ્મીરમા સૌથી વધારે ઠંડી લડાખના લેહમાં નોંધાઈ હતી.

## આરજેડી-એલજેપીની સાથે ગઠબંધનને સૈદ્ધાંતિક મંજૂરી

નવી દિલ્હી,તા.૧૧

કોંગ્રેસ બિહારમાં રાષ્ટ્રીય જનતાદળ અને લોકતાંત્રિક જનતા પાર્ટી એલજેપી સાથે છત્ર ગઠબંધન કરવાની તૈયારીમાં છે. દલીત, પછાત અને મુસ્લિમ મતોને તેમના છત્ર હેઠળ લાવવાના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. નીતિશ કુમારના નેતૃત્વમાં હરીફ જનતાદળ યુનાઈટેડ અને ભાજપ સામે સ્પર્ધામાં ઉતરવાના હેતુસર બિનસાંપ્રદાયિક બેનર હેઠળ દલીત, પછાત અને મુસ્લિમ મતોને લાવવાની રણનીતિ અપનાવવામાં આવી છે. આ ગઠબંધનને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. માત્ર બેઠકોની વહેંચણીના મુદ્દે હજુ કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. રામવિલાસ પાશ્વાન ગઠબંધનના હિતમાં તેમની માંગણીના ઘટાડવા માટે તૈયાર છે. ત્રણે પક્ષો એક સાથે રહે તેની ખાતરી કરવા બેઠકોની વહેંચણી ટૂંક સમયમાં જ કરવામાં આવનાર છે. કોંગ્રેસે વર્ષ ૨૦૦૯માં એકલા હાથે ચૂંટણી લડી હતી. આરજેડી અને એલજેપી સાથે છેડો ફાડી લીધો હતો. બીજી બાજુ ભાજપ અને જનતાદળ યુનાઈટેડે એ વેળા જોરદાર સપાટો બોલાવ્યો હતો. આ વખતે સ્થિતિ જુદા પ્રકારની છે. ૨૦૦૯માં શાસન વિરોધી પરિબળની અસર દેખાઈ હતી. બીજી બાજુ આરજેડી સામે પણ અસ્તિત્વની લડાઈ રહી છે. કારણ કે લાલુયાદવને ઘાસચારા કૌભાંડમાં અપરાધી ઠેરવીને જેલની સજા ફટકારવામાં આવી હતી. પાસવાન પણ અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. કારણ કે તેઓ ૨૦૦૯માં તેમની બેઠક ઉપર જ હારી ગયા હતા. વિધાનસભાની ચૂંટણીમાં પણ તેમનો સફાયો થયો હતો. કોંગ્રેસ આરજેડી અને એલજેપીની રહેલી ખરાબ હાલતનો પણ લાભ લેવા માટે તૈયાર છે. આરજેડી, એલજેપીને સાથે લઈને ચૂંટણી લડવાથી ફાયદો થઈ શકે છે તેમ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ માને છે. કારણ કે જેડીયુ અને ભાજપ પણ અલગ થઈ ચૂક્યા છે. ત્રણે પક્ષો બિહારની ૪૦ બેઠકોની વહેંચણી સાથે મળીને કરશે. ઝારખંડમાં પણ આરજેડી સાથે ગઠબંધન રહી શકે છે. યાદવ, મુસ્લિમો, દલીતોને એકમંચ ઉપર લાવવાની હિલચાલ છે.

### વિચારવંત વિવેકાનંદ (પાના નં. ૪ નું ચાલુ)

રામકૃષ્ણ પરમહંસના પ્રેરક સુવિચાર

● 'પુત્ર નથી, ધન નથી, સ્વાસ્થ્ય નથી'નાં રોદણાં રડતાં ઘણાં લોકો જોવા મળે છે. પરંતુ ભાગ્યે જ એવા વિરલા રડતા જોવા મળશે જે રોદણું રડતા હોય કે પ્રકાશ નથી, ભગવાન નથી, સત્કર્મ નથી. જો આના માટે લોકો રડવા લાગે તો એમને કોઇ જ વાતની કમી ન રહે.

● ભીંનો કાચો વાંસ આરામથી વાળી શકાય છે. પણ સૂકાઇ ગયા પછી તેને વાળી શકાતો નથી પણ તૂટી જાય છે. કાચી ઉંમરમાં મનને સંભાળીને સુધારી શકાય છે. ઘડપણમાં વાળવાથી તેને જડતા જકડી લે છે એટલે જ તો તેની આદતો બદલાય છે કે ન તો ઇચ્છાઓ સુધરે છે.

● પતંગિયાને દીવાનો પ્રકાશ મળી જાય તે, પછી તે અંધારામાં પાછું ફરતું નથી પછી ભલે ને તે દીવાની આગમાં પ્રાણ ગુમાવવો પડે. જેને આત્મબોધનો પ્રકાશ મળી જાય તે અજ્ઞાનના અંધકારમાં ભટકતો નથી, પછી ભલે તેને ધર્મના માર્ગમાં પોતાનું સ્વસ્વ ગુમાવવું પડે.

● વાસના વગરનું મન સૂકી દિવાસળી જેવું છે, જેને એક વખત ઘસવાથી જ આગ ઉત્પન્ન થઇ જાય છે. વાસનામાં ડૂબેલું મન ભીની દિવાસળી જેવું છે જેને વારંવાર ઘસવાથી પણ કંઇ કામ થતું નથી. ભજનની સફળતા માટે મનને સાંસારીક તૃષ્ણાઓની ભીનાશથી બચાવવું જોઇએ.

● પથ્થરો વર્ષો સુધી નદીમાં પડેલો રહે તો પણ તેની અંદર ભીનાશ નથી પહોંચતી, તોડીએ તો અંદરથી સૂકો જ નીકળે છે; પરંતુ માટીનું થોડુંક જ પાણી પડતા એને શોષી લે છે ભીનું થઇ જાય છે. ભાવનાશીલ હૃદય થોડા ઘણા ઉપદેશોને પણ હૃદયગંમ કરી લે છે. પણ આડંબરમાં ડૂબેલા રહેનારનું જ્ઞાન જીભ સુધી જ મર્યાદિત રહે છે. તે એને અંદર ઉતારતા નથી. પરિણામ સ્વરૂપ તેઓ ફક્ત બકવાસ કરવાવાળા જ બની રહે છે.

● ભીંના માટીથી જ રમકડાં : વાસણ વગેરે બને છે. પકવેલી માટીથી કશું જ બનતું નથી. તેવી જ રીતે લાલસાની આગમાં જેની ભાવનારૂપી માટી બળી ગઇ, તે ન તો ભક્ત બની શકે છે કે ન તો ધર્માત્મા બની શકે છે.

● રેતી સાથે ભળેલી ખાંડમાંથી કીડી ફક્ત ખાંડ જ ખાય છે અને રેતી છોડી દે છે. તેવી જ રીતે આ ભલાઇ બુરાઇ ભરેલા સંસારમાંથી સજ્જન ફક્ત ભલાઇ ગ્રહણ કરે છે ને ભુરાઇઓ છોડી દે છે.

● દોરામાં ગાંઠ લાગેલી હોય તો તે સોયના કાણામાં ઘૂસી શકતો નથી અને તેનાથી સિવાતું નથી. મનમાં સ્વાર્થસભર સંકીર્ણતાની ગાંઠ લાગેલી હોય તો તે ઇશ્વરમા ંલાગી નથી શકતું અને જીવનનું લક્ષ્ય પ્રાપ્ત નથી કરી શકતું.

● સાપના મોઢામાં ઝેર રહે છે, પગમાં નહીં, યુવાન સ્ત્રીઓને ચહેરો નહીં પરંતુ ચરણ જોવા જોઇએ તેનાથી મનમાં વિકાસ ઉત્પન્ન થતો નથી.

● બાળક ગંદકીમાં રગદોળાવાનો કેટલોય પ્રયત્ન કરે પણ માતા એની મરજી ચાલવા દેતી નથી અને જબરજસ્તી પકડીને નવડાવી દે છે. પછી ભલે બાળક રડતું કકડતું રહે. ભગવાન ભક્તને મલિનતાથી છોડાવીને નિર્મબ બનાવે છે. એમાં ભલે પછી ભક્ત પોતાની ઇચ્છામાં અવરોદ પેદા થયેલો જોઇને રડતો કકળતો રહે.

● ચુંબક પથ્થર પાણીમાં પડેલો રહે તો પણ તેનો લોખંડનો આકર્ષવાનો અને ઘસતાં જ આગ પેદા કરવાનો ગુણ ખલાસ નથી થતો. વિષમ પરિસ્થિતિમાં ઘેરાયેલા રહેવા છતાં સજ્જન પોતાના આદર્શો છોડતા નથી.

# ટિકિટ ફાળવણીની કામગીરી રાહુલ ગાંધીના હાથમાં રહેશે

નવી દિલ્હી,તા.૧૧

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે રાજકીય પક્ષોની ગતિવિધી પણ વધી ગઈ છે. કોંગ્રેસ તરફથી વડાપ્રધાન પદ માટે રાહુલ ગાંધીના નામની જાહેરાતની અટકળો વચ્ચે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પણ સક્રિય દેખાઈ રહ્યા છે. લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીના તમામ અધ્યક્ષો સાથે રાહુલ ગાંધીએ વિસ્તારપૂર્વક વાતચીત કરી છે અને પક્ષની વ્યૂહરચના ઉપર ચર્ચા કરી છે. સૂત્રોની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો રાહુલ ગાંધીએ ઉમેદવારોની પસંદગી સહિત રાજકીય પ્રક્રિયામાં આમ આદમી પાર્ટી અને પક્ષના સ્થાનિક એકમોને વધારે મહત્વ આપવાની બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. એમ માનવામાં આવે છે કે રાહુલ ગાંધીએ ઉમેદવારોની પસંદગીના વ્યાપક માપદંડ ઉપર ચર્ચા કરી હતી. ઉમેદવારોની જીતવાની ક્ષમતાની સાથે સાથે તેમના કોઈપણ પ્રકારના ગુનેગારી રેકોર્ડ ન હોવાની વાત ઉપર



પણ ચર્ચા થઈ હતી. બે વખતથી વધારે વખત પરાજીત થઈ ચૂકેલા અને એક લાખથી વધારે મતથી હારી ચૂકેલાને ટિકિટ નહીં આપવાનો નિર્ણય કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. રાહુલનું કહેવું છે કે સ્ક્રીનીંગ કમીટીએ સક્રિય થઈને વાતચીતનો સિલસિલો શરૂ કરવો જોઈએ. ટિકીટોને આખરી ઓપ આપવાની પ્રક્રિયાને આગળ વધારવા કેન્દ્રીય ચૂંટણી સમીતિની બેઠક આગામી મહિનાના પ્રથમ સપ્તાહથી શરૂ થઈ શકે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ દ્વારા શરૂ કરવામાં આવેલી આ પ્રક્રિયા ભાજપ અને આમ આદમી પાર્ટી દ્વારા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને ઝડપી કરવાના ભાગરૂપે છે.

બંને પક્ષોએ આ મહિનાની મહેતલ નક્કી કરી લીધી છે. હજુ સુધી કોંગ્રેસના નેતાઓ ઉમેદવારોની યાદી નક્કી કરવામાં વિલંબ કરતા હતા. ઘણા કિસ્સાઓમાં છેલ્લી ઘડીએ પણ નામ જાહેર કરવામાં આવતા હતા. બેઠકમાં કપીલ સિબ્બલ, સોનિયા ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ પાર્ટી પાસાંઓને લઈને હવે ઝડપથી આગળ વધવા માગે છે. કોંગ્રેસ પાર્ટીને હવે લોકસભા ચૂંટણીથી પહેલા લોકોને આપવામાં આવેલા વચનો યાદ આવી ગયા છે અને કોંગ્રેસના સભ્યોએ સરકાર ઉપર દબાણ વધારવાની શરૂઆત કરી દીધી છે.

## એલપીજી અને સીએનજીની કિંમત એપ્રિલ માસથી વધશે

નવી દિલ્હી,તા.૧૧

પહેલી એપ્રિલ બાદ એલપીજી, સીએનજી અને પીએનજીની કિંમતોમાં વધારો થઈ શકે છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે દેશમાં ઉત્પાદિત કુદરતી ગેસની કિંમત નક્કી કરવા માટે નવી ફોર્મ્યુલા તૈયાર કરી લીધી છે. ત્યારબાદ હવે પહેલી એપ્રિલ ૨૦૧૪થી કુદરતી ગેસની કિંમત ૪.૨ ડૉલર પ્રતિ યુનિટથી વધીને ૮.૪ પ્રતિ યુનિટ થઈ જશે. આનો મતલબ એ થયો કે જે કંપનીઓ ગેસનું ઉત્પાદન કરે છે તે કંપની પહેલી એપ્રિલથી આ રેટ ઉપર ગેસનું વેચાણ કરી શકશે. આ ફોર્મ્યુલા ૩૦મી માર્ચ ૨૦૧૯ સુધી ચાલશે. ત્યારબાદ તેના ઉપર વિચારણા કરવામાં આવશે. સરકારે કંપનીઓની વિનંતીના આધાર ઉપર રંગરાજન કમીટીની રચના કરી હતી. આ કમીટીએ સ્પષ્ટપણે કહ્યું છે કે ગેસની કિંમત માર્કેટ રેટ ઉપર વેચવાની મંજૂરી આપવામાં આવે.

આનાથી ગેસનું ઉત્પાદન વધારી શકાય છે. ઓછી કિંમતના પરિણામ સ્વરૂપે કંપનીઓ ગેસ ઉત્પાદનમાં વધારે રસ લેશે નહીં. અલબત્ત શરત એવી મૂકવામાં આવી છે કે કંપનીઓ પ્રાથમિકતાના આધાર ઉપર વિજળી અને ફર્ટીલાઈઝર પ્લાન્ટને ગેસનો પુરવઠો પ્રાથમિકતાના આધાર પર કરશે. તમામ દેશોના માર્કેટના મૂલ્યાંકન બાદ છેવટે ૮.૪ ડૉલર પ્રતિ યુનિટ નક્કી કરવામાં કમીટી સહમત થઈ છે. રંગરાજન કમીટીની ફોર્મ્યુલા મુજબ માર્કેટ રેટ મુજબ સમય સમયે કંપનીઓને ગેસ વેચવાની કિંમતમાં ફેરફાર કરવાની મંજૂરી રહેશે. આના માટે કોઈ મહત્તમ મર્યાદા રહેશે નહીં.

## સમાચાર ઝલક

- બજેટ સત્રમાં ભ્રષ્ટાચાર વિરોધી છ બીલો લોકસભામાં સરકાર રજૂ કરશે.
- અરવિંદ કેજરીવાલનો જાહેર લોકસભા દરબારમાં અંધાધૂધી સર્જાઇ.
- દેવયાની ખોબરાગડે સામે અમેરિકામાં ફર્જી વિઝાના મામલે બે ફરિયાદ કોર્ટમાં ચાલશે.
- આણંદમાં સંગીત ચિકિત્સાથી કેન્સર-બ્રેઇન ટ્યુમરની સારવાર અપાશે.
- ન્યાયાધીશ સામે દુષ્કર્મની ફરિયાદનો બીજા બનાવ નોંધાયો.
- આંગડીયા પેઢીના પૈસા પડાવી લેવા બદલ સુરતના કોસંબામાં 3 પોલીસો ફરજ મોકુફીમાં મુકાયા.
- ઉત્તર ભારતમાં ઠંડી સામે વરસાદ પડ્યો.
- વાપીમાં ઢોરને ઇંન્જેકશન આપીને ઉઠાવી જનારા ઝડપાયા.
- પિલવાઇમાં ઘરમાં દાટેલી રકમની ચોરી થઇ.
- ફિલ્મ અભિનેતા સંજય દત્તે પેરોલ વધારવાની માગણી કરી.
- ફ્રાન્સના રાષ્ટ્રપતિ અને ફિલ્મ અભિનેત્રીના વચ્ચેનાં સંબંધો એક મેગેઝીનમાં પ્રસિદ્ધ થયા.
- દૂધમાં ભાવ વધારો થવાની સંભાવના, સૂરતની સૂમુલ ડેલી સૂરતે ભાવ વધાર્યો.
- આઇ.એ.એમ. દહેરાદૂનમાં ભરતી કૌભાંડ સીબીઆઇ તપાસમાં પકડ્યું.
- ગુગલ ગ્લાસની સર્જરીમાં પ્રથમવાર ઉપયોગ થયો.
- કંબોડીયા સરકાર સામે ભારે દેખાવો ચાલુ.
- આસામમાં ઉગ્રવાદીઓ સામે સુરક્ષાદળોએ સપાટો બોલાવ્યો.
- ઉત્તરપ્રદેશમાં ઠંડીના પ્રકોપથી ૧૨ વ્યક્તિઓનાં મોત. શાળા-કોલેજો બંધ રાખવામાં આવી.
- ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી.
- કૃષિવિષયક લોનમાં રીઝર્વ બેંકે વ્યાજદર ઘટાડ્યા.
- ૫૩ કરોડ લોકોને આધારકાર્ડ આપવામાં આવ્યા છે, દર મહિને 3 કરોડ આપવામાં આવશે.
- વટવામાં પાણી ઢોળવાની બાબતમાં ૬ ઘાયલ, હોસ્પિટલમાં દાખલ કરાયા.
- સોશિયલ મીડીયા માટે માર્ગદર્શીકા બનાવવાની માંગ ઉઠી.

## કેજરીવાલની કિરણ બેદી તેમજ ભાજપ દ્વારા ટિકા

નવી દિલ્હી,તા.૧૧

અરવિંદ કેજરીવાલના જનતા દરબારમાં ભારે અફડાતફડી મચી ગયા બાદ ભાજપ અને ભૂતપૂર્વ પોલીસ અધિકારી કિરણબેદીએ આની ઝાટકણી કાઢી છે અને આ પ્રકારના કાર્યક્રમો ખૂબજ સાવધાનીપૂર્વક યોજવાની કેજરીવાલને સલાહ આપી છે. કિરણ બેદી અને કેજરીવાલ એક સમયે વર્ષ ૨૦૧૧માં સામાજિક કાર્યકર અણ્ણા હજારેની ભ્રષ્ટાચાર સામેની ઝુંબેશમાં એક સાથે હતા પરંતુ અલગ પડી ગયા છે બીજી બાજુ ભાજપના દિલ્હી એકમના પ્રમુખ વિજય ગોયલે કહ્યુ છેકે જનતા દરબારનું આયોજન લોકોના કલ્યાણ માટે નહીં બલકે આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યુ હતુ જેમાં તેમને નિષ્ફળતા મળી છે. મોટી ભાગદોડની ઘટના પણ ટળી ગઈ છે.

# ત્રાસવાદી યાસીનના વોઈસ સેમ્પલની માંગણીને મંજૂરી

નવી દિલ્હી,તા.૧૧

જુદી જુદી પોલીસ સંસ્થાઓ દ્વારા દેશભરમાં આતંકવાદી કેસોના સંબંધમાં ચાર મહિના સુધી પૂછપરછ કરવામાં આવ્યા બાદ ઈન્ડિયન મુજાહીદીનના સહસ્થાપક યાસીન ભટકલને પ્રથમ વખત ટ્રાયલ કોર્ટ દ્વારા તિહાર જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. યાસીન ભટકલ ઉપર સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો છે. ૧૭મી જાન્યુઆરી સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં લઈ લેવાનો આદેશ કરવામાં આવ્યો છે. યાસીન અને તેના સાથી અસાદુલ્લા અખ્તરને ૧૭ જાન્યુઆરી સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે જામા મસ્જિદમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલા કેસના સંબંધમાં બંનેને જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. બીજી બાજુ કોર્ટે ૪૦ આતંકવાદી કેસોમાં વોન્ટેડ ભટકલના વોઈસ સેમ્પલ લેવાની



માંગ કરતી દિલ્હી પોલીસની અરજીને મંજૂરી આપી દીધી છે. ભટકલ અને અખ્તર બંનેને પોલીસ કસ્ટડીની અવધી પૂરી થઈ ગયા બાદ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા ભટકલના વોઈસ સેમ્પલની માંગ કરીને અરજી પણ કરવામાં આવી છે. એડીશનલ સેશન જર્જ દયાપ્રકાશ સમક્ષ રજૂઆતમાં પોલીસે કહ્યું હતું કે બંને આરોપીઓને જ્યુડીશીયલ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલવામાં આવી રહ્યા છે. કારણ કે તેમની વધુ કસ્ટોડીયલ પૂછપરછની હવે જરૂરીયાત દેખાઈ રહી નથી. આરોપી તરફથી ઉપસ્થિત રહેલા એડવોકેટ એમએસ ખાને અરજીનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે પોલીસે કસ્ટોડીયલ પૂછપરછ દરમિયાન ભટકલના વોઈસ સેમ્પલ પહેલાંથી જ લઈ લીધા છે. ખાને કહ્યું હતું કે પોલીસ બિનજરૂરી રીતે ભટકલને ફસાવવા માંગે છે. કારણ કે પોલીસ પાસે વધારે પૂરાવા નથી. કોર્ટે ભટકલના વોઈસ સેમ્પલ લેવાની અરજીને જો કે માન્ય રાખી હતી.

### કેજરીવાલના ઇન્કાર છતાં મજબુત સુરક્ષા અપાશે

# કેજરીવાલને જેડ કેટેગરીની સલામતી ઉપલબ્ધ કરાવાશે

લખનૌ,તા. ૧૧

ઉત્તરપ્રદેશ સરકારે આજે કહ્યુ હતુ કે દિલ્હીના મુખ્યમત્રી અરવિંદ કેજરીવાલને જેડ કેટેગરીની સુરક્ષા આપવામાં આવનાર છે. સુરક્ષા સ્વીકારવાનો કેજરીવાલે ઈન્કાર કર્યો હોવા છતાં જેડ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી રહી છે. ઉત્તર પ્રદેશ સરકારે આજે ખુલાસો કરતા કહ્યુ હતુ કે તમામ પાસાઓને ધ્યાનમાં લીધા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ વિભાગના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મુખ્ય સચિવ (ગૃહ) એકે ગુપ્તા અને પોલીસ મહાનિર્દેશક રિઝવાન અહેમદની બનેલી સમિતિએ મુખ્યમંત્રી માટે આ નવી સુરક્ષા વ્યવસ્થાને લીલીઝંડી આપી દીધી છે. દિલ્હી નજીક કોસામ્બી ટાઉનશીપમાં કેજરીવાલ એક ફલેટમાં તેમના પરિવાર સાથે રહે છે. દિલ્હીના મુખ્યમંત્રીએ સુરક્ષાછત્ર લેવાનો ઈન્કાર કર્યો છે પરંતુ ઉત્તરપ્રદેશ પોલીસ સુરક્ષા ઉપલબ્ધ કરાવવા માટેની તેની ફરજને લઈને કટિબદ્ધ છે જેથી જુદા જુદા ખતરાઓને ધ્યાનમાં લઈને રાજ્યસરકારે સુરક્ષા વ્યવસ્થા આપવાનો નિર્ણય કર્યો છે. ઉત્તર પ્રદેશ પોલીસે દિલ્હી પોલીસને આ નિર્ણયની જાણ કરી દીધી છે. ગાજિયાબાદ જિલ્લામાં પોલીસને આ અંગે જાણ પણ કરવામાં આવી છે. જેડ કેટેગરીની સુરક્ષા હેઠળ કેજરીવાલ પાસે ત્રણ સબ ઈન્સપેક્ટર, સાત હેડ કોન્સ્ટેબલ, ૧૦ કોન્સ્ટૂબલ, બે ડ્રાઈવરો ૨૪ કલાક રહેશે. ઉત્તર પ્રદેશ પોલીસની સ્થાનિક ઈન્ટેલિજન્સ શાખાએ કહ્યુ છે કે બુધવારના દિવસે આમ આદમી પાર્ટીની ઓફિસ પર હુમલો કરવામાં આવ્યા બાદ તકેદારી વધારી દેવામાં આવી છે. ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ શુક્રવારે કહ્યુ હતુ કે લઘુમતિ એએપી સરકારના વડા કેજરીવાલને તેમના વિરોધ છતાં સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેજરીવાલે ૨૮મી ડિસેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી હતી.